# વાગરામાં બે દિવસ માટીના ઢગલા નીચે લાશ દટાયેલી રહી

**ડમ્પરે** રિવર્સ લેતી વેળા ઈસમને કચડી માર્યો ને ઉપર માટી ઠાલવી દેતાં બે દિવસથી ભાળ મળતી ન હતી

**રક્તરંજીત** શનિવાર: માર્ગ અકસ્માતોમાં ચાર જિંદગી હોમાઈ, સાત લોકો ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયા

ભરૂચ: ભરૂચ જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન માર્ગ અકસ્માતની ચાર અલગ-અલગ ઘટનામાં 4 વ્યક્તિએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય 7 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અકસ્માતની પ્રથમ ઘટના આમોદ તાલુકાના નાહીયેર ગામ પાસે બની હતી. ડાભા ગામે રહેતા કિરણ ઠાકોર તેમના 70 વર્ષીય દાદા જયંતીભાઈ વસાવાને બાઈક પર બેસાડી ભરૂચ ખાતે રિપેર કરવા આપેલી વાજાપેટી લેવા જઈ રહ્યા હતા. નાહીયેર ગામ પાસે પેટ્રોલ પંપ પર વળતી વખતે સામેથી આવતી એક રિક્ષાએ તેઓને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં વૃદ્ધ જયંતીભાઈ રસ્તા પર પટકાયા હતા, જ્યારે રિક્ષા ચાલક અકબર મલિક અને તેમાં સવાર અન્ય 3 મુસાફરોને પણ ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત જયંતીભાઈને ભરૂચ સિવિલ હોસ્પિટલ લઈ જતી વખતે મોત નીપજ્યું હતું.

અંકલેશ્વરના કનોરીયા ચોકડી પાસે એક ગમખ્વાર અકસ્માતમાં સારંગપુર ગામના 19 વર્ષીય યુવાન વિક્રમસિંહ તેના બે મિત્ર શિવા અને દીપક સાથે રાત્રિના સમયે ચા પીને ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન રસ્તા પર અચાનક કૂતરૂં આડું આવતા બાઈક પરનો કાબુ ગુમાવ્યો હતો અને બાઈક રોડ પર ઉભેલા ટેન્કરની પાછળ ધડાકાભેર ઘુસી ગઈ હતી. આ અથડામણમાં ચાલક વિક્રમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેના બંને મિત્રને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ત્રીજો બનાવ ઝઘડિયા તાલુકાના મોટી જાંબોઈ ગામે બન્યો હતો, જ્યાં 35 વર્ષીય કિરણ વસાવા બાઈક લઈને ખેતરે જઈ રહ્યા હતા. સરસાદ રોડ પર અચાનક જંગલી ભૂંડ આડું ઉતરતા બાઈક સ્લિપ ખાઈને ગટરમાં ખાબકી હતી અને ત્યારબાદ સીધી ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કિરણભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

જ્યારે ચોથી અને સૌથી ચોંકાવનારી ઘટના વાગરાના જોગેશ્વર ગામે બની હતી. અહીં 19મી તારીખથી ગુમ થયેલા કાંતિભાઈ રાઠોડની લાશ ગામના એક મંદિર પાછળ માટીના ઢગલા નીચે દબાયેલી હાલતમાં મળી આવી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, ડમ્પર ચાલક રાજુ ખેરે માટી ખાલી કરતી વખતે રિવર્સમાં ડમ્પર લેતા કાંતિભાઈ તેની નીચે કચડાઈ ગયા હતા અને ત્યારબાદ તેમના પર જ માટી ઠલવાઈ જતા તેઓ દેખાયા ન હતા.

## ચોર્યાસી ટોલનાકા પાસેથી 535 ગ્રામ ગાંજા સાથે એક પકડાયો



કામરેજ: ચોર્યાસી ગામની હદમાં અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર પતરાના ગલ્લા પર ગાંજાના વેચાણ થઈ રહ્યો હોવાની માહિતી કામરેજ પોલીસને મળતા રેડ કરતાં પાનના ગલ્લા પર મુબીન બિલાલખાન પઠાણ (ઉ.વ.23, રહે., 82, સત્યનારાયણ નગર, ઉન) નામનો ઈસમ પકડાતાં તપાસ કરતાં પાન્ના ગલ્લામાં ખાનામાં ગાંજાનો 535 ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. તેને ગાંજાનો જથ્થો રાજુ નામના ઈસમે રેલવે પટરી પર આપ્યો હોવાનું જણાવ્યું હતું. કામરેજ પોલીસે ગુનો નોંધી રૂ.26,750નો ગાંજો, મોબાઈલ, રોકડા મળી કુલ રૂ.33250નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## બારડોલીનો અસ્તાન રેલવે ઓવરબ્રિજ તૈયાર, હવે માત્ર ઉદ્ઘાટનની રાહ



■ બારડોલીના અસ્તાન રેલવે ફાટક (નંબર 25) પર નિર્મિત શહેરનો પ્રથમ રેલવે ઓવરબ્રિજ આખરે લોકાર્પણ માટે સજ્જ છે. વર્ષ 2021થી શરૂ થયેલો આ ₹30.89 કરોડનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ જમીન સંપાદન અને તકનીકી અવરોધો પાર કરી હવે અંતિમ તબક્કે પહોંચ્યો છે. રેલવે ટ્રેક પર ગર્ડર લોન્ચિંગ જેવી જટિલ કામગીરી પૂર્ણ થયા બાદ, હાલ માત્ર રંગરોગાન અને ફિનિશિંગનું કામ ચાલી રહ્યું છે. વર્ષોથી ફાટક પર ટ્રાફિક અને લાંબા ફેરાવવાની હાલાકી ભોગવતા અસ્તાન ગામ અને કન્યા વિદ્યાલયના રહીશોને ટૂંક સમયમાં મોટી રાહત મળશે. સ્થાનિકોની લાંબા સમયની માગણી સંતોષતા, આધુનિક સુવિધાથી સજ્જ આ બ્રિજ હવે ગમે ત્યારે જનતા માટે ખુલ્લો મુકાઈ શકે છે.

# એક્ટિવા ચાલકને ધમકાવી મોત નીપજાવનારા લોકો પોલીસના નથી!

**PIની** સ્પષ્ટતા, કદાચ આ શખ્સો કોઈ બેન્ક કે એજન્સીના અધિકૃત હોઈ શકે, તેની તપાસ ચાલુ છે

ભરૂચ: ગુરુવારે ભરૂચમાં કેટલાક શખ્સોએ નંબર પ્લેટનાં મુદ્દે રોફ જમાવતા 43 વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકને પગલે મોત થયું હતું. તેના પરિજનોએ મૃતકને પોલીસ હોવાની ઓળખ આપી જોવાનું જણાવ્યું હતું. જો કે પોલીસે જણાવ્યું છે કે આ જગ્યાએ CCTV ફૂટેજમાં ચાર ઈસમ પોલીસનાં નહિ પરંતુ સીઝરનાં માણસો હોવાનું દેખાઈ આવે છે.

ભરૂચના ભોલાવ વિસ્તારમાં રહેતા 43 વર્ષીય ઉર્વિશ બીપીનભાઈ મોદી મોપેડ પર કામ અર્થે જઈ રહ્યા હતા. દરમિયાન રહાડપોર રોડ પર કેટલાક ઈસમોએ તેમને આંતર્યા હતા. આ શખ્સોએ 'તમારા વાહનમાં નંબર પ્લેટ કેમ નથી લગાવી' તેમ કહી ઉર્વિશભાઈને રીતસર ધમકાવવા માંડ્યા હતા. જેમાં એક્ટીવા ચાલકને હાર્ટ એટેક આવતા તેમનું મોત નીપજ્યું હતું. ભરૂચ એ ડિવિઝન પોલીસે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

ભરૂચ એ ડિવિઝનના PI આર એમ વસાવાએ ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે આ ઘટનામાં આવેલા પોલીસના માણસ નથી પણ સીઝરો છે. રૂટ પરથી મળેલા CCTV ફૂટેજમાં ચાર પુરુષ દંપતી પાસે આવીને વાત કરતા દેખાય છે. ચારેય પુરુષ પોલીસના નથી. અમે તેમને ઓળખી રહ્યા છીએ અને ચકાસી રહ્યા છીએ કે શું તેઓ કોઈ બેંક કે એજન્સી દ્વારા અધિકૃત હતા. મૃતક વર્ષ-2022થી હાર્ટ એટેકનાં પેશન્ટ છે. જો પરિવારના આરોપો સાબિત થશે, તો ઔપચારિક ગુનો નોંધવામાં આવશે," એમ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે મૃતક પત્નીએ આરોપ લગાવ્યો છે કે પોલીસ અને બેંક રિકવરી એજન્ટ તરીકે દેખાતા પુરુષો દ્વારા છેલ્લા ત્રણ મહિનાથી પરિવારને હેરાન કરતા હતા. અમે તેમને કહ્યું કે અમારી પાસે કોઈ બાકી લોન નથી. પછી તેઓએ ક્ષતિગ્રસ્ત નંબર પ્લેટ માટે પૈસા માંગવાનું શરૂ કર્યું હતું.

# ઓલપાડ-સાયણ રોડ અટોદરા ચોકડીના દબાણો દૂર કરાયા

**રોડની** બંન્ને સાઈટની લારીઓ, દુકાનના બોર્ડ સહિતના દબાણો હટાવાયા



સાયણ: ઓલપાડ- સાયણ રોડની અટોદરા ચોકડીની આજુબાજુના ગેરકાયદે દબાણ કરનારાઓ ઉપર માર્ગ અને મકાન વિભાગ-૨ ત્રાકટતા દબાણ કરનારા દુકાનદારોમાં ફફડાટનો માહોલ ફેલાયો છે.

ઓલપાડથી સાંધીએર ગામ વચ્ચેના રાજ્યધોરી માર્ગની ટ્રાફિક સમસ્યા માથાનો દુઃખાવો બની હતી. લોકોની ફરિયાદોને પગલે આજે સવારે સુરત માર્ગ અને મકાન વિભાગ-૨ કચેરીનો સ્ટાફ જે.સી.બી. મશીન, ટ્રક અને મજૂર ટીમ લઈને અટોદરા ચોકડી પહોંચ્યો હતો. પોલીસ બંદોબસ્ત સાથે રોડની રોડની બંન્ને બાજુના માર્જીનમાં દબાણ કરનારા દુકાનદારોની દુકાનની આગળનો ગેરકાયદે ભાગ તોડી નાંખ્યો હતો. આ ઉપરાંત રોડ માર્જીનમાં મુકેલ દુકાનના બોર્ડ અને લારી-ગલ્લા ટ્રકમાં ભરી દબાણ દૂર કર્યા હતા. જ્યારે અટોદરા આઉટ પોલીસ ચોકી પણ ચાર રસ્તા ઉપર આવેલા હોવાથી સ્થાનિક લોકો પોલીસ તંત્ર પાસે અપેક્ષા સેવી રહ્યા છે કે, આજે તો રોડ માર્જીનના અડચણરૂપ દબાણો દૂર કરાતા ટ્રાફિક સમસ્યાથી રાહત મળી છે, પરંતુ આ દબાણ કરનારા દુકાનદારો જો ફરી દબાણ કરે તો તે જોવાની સમગ્ર જવાબદારી પોલીસ તંત્રની છે.

# તારી ઓકાત સિક્યોરિટીની જ છે, તો માપમાં રહેજે

**કાર** પાર્કિંગના મુદ્દે ભરૂચના શાલિમાર રિલાયન્સ મોલના વૃદ્ધ ગાર્ડને ચાર શખ્સે ઝઘડો કરી માર માર્યો

ભરૂચ: ભરૂચ શહેરના સ્ટેશન રોડ પર શાલીમાર રિલાયન્સ મોલ ખાતે 62 વર્ષિય સિક્યુરિટી ગાર્ડ ગોવિંદ શાહ ફરજ પર હતાં, ત્યારે મોલની સામે જ પોતાની કાર ઉભી કરી બે કાર-ચાલક ઝઘડો કરી રહ્યાં હતાં. જેના પગલે ગોવિંદ શાહે તેમને તેમના વાહન પાર્કિંગમાં રાખવાની કડક સુચના આપી હતી. દરમિયાનમાં એક શખ્સે તેમને અપશબ્દો ઉચ્ચારી તું કોણ છે, તારી ઓકાત સિક્યોરિટીની છે તો માપમાં રહેજે, તું મને ઓળખતો નથી તેમ કહી તેણે ધમકીના સ્વરમાં પોતાનું નામ યુનુસ હાજીએહમદ પટેલ (રહે. મનુબર) હોવાનું જણાવી તકરાર કરી હતી. યુનુસ પટેલની સાથે આવેલાં અન્ય એક દાઢીવાલા શખ્સે પણ તેમને ધમકાવી અમે વિદેશમાં રહીએ છીએ તમારાથી થાય તે કરી લેજો તેવી ધમકી આપી માર માર્યો હતો. તેમની સાથે અન્ય બે શખ્સ પણ હોઈ વિજય સિક્યોરિટીના કોન્ટ્રાકટરે ભરૂચ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચાર શખ્સ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### તડકેશ્વરની ટાંકી માટે મહેસાણાના કોઈ ગામનો બોગસ સોઈલ રિપોર્ટ રજૂ કરાયો હતો

# તડકેશ્વર ટાંકી દુર્ઘટના, આઠેય આરોપીની જામીનઅરજી રદ

**ચોંકાવનારા** પુરાવા રજૂ કરાતા બારડોલીની સેશન્સ કોર્ટે 8 આરોપીની જામીનઅરજી ફગાવી દીધી

**પાયામાં** 3 મીટરને બદલે અઢી મીટરનું ખોદકામ, અન્ય ટાંકીના ફોટા બતાવી બિલ પાસ કરાવાયાના આરોપ

**આ આરોપીઓની જામીનઅરજી ફગાવાઈ**

**» મુખ્ય કોન્ટ્રાક્ટર એજન્સી (મે. જયંતિ સુપર કન્સ્ટ્રક્શન પ્રા. લી.) ના પાર્ટનર્સ:**
બાબુભાઈ અંબાલાલ પટેલ (મહેસાણા)
જસ્મિન બાબુભાઈ પટેલ
ધવલ રતિલાલ પટેલ
જયંતિ અંબાલાલ પટેલ

**» સુપરવિઝન એજન્સી (PMC - માર્સ પ્લાનિંગ એન્ડ એન્જીનીયરીંગ સર્વિસ) ના પ્રતિનિધિઓ:**
બાબુભાઈ મણિલાલ પટેલ
જિગરભાઈ રવજીભાઈ પ્રજાપતિ

**» સરકારી વિભાગના જવાબદાર ઇજનેરો:**
જય એસ. ચૌધરી (નાયબ કાર્યપાલક ઇજનેર)
અંકિત પી. ગરાસીયા (કાર્યપાલક ઇજનેર)

બારડોલી: માંડવી તાલુકાના તડકેશ્વર ખાતે 'ગાયપગલાં સુધારણા જૂથ યોજના' અંતર્ગત નવનિર્મિત પાણીની ટાંકી ટેસ્ટિંગ દરમિયાન ધરાશાયી થવાના પ્રકરણમાં બારડોલી સેશન્સ કોર્ટે આજે તમામ 8 આરોપીની જામીનઅરજી નામંજૂર કરી દીધી છે. સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલા ચોંકાવનારા પુરાવાઓ અને બાંધકામમાં થયેલી વ્યાપક ગેરરીતિઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીઓને રાહત આપવાનો ઈનકાર કર્યો છે.

સુનાવણી દરમિયાન સરકારી વકીલ નયન સુખડવાલાએ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે આ માત્ર અકસ્માત નહીં, પરંતુ પ્રજાના જીવ સાથે થયેલા ચેડાં અને સરકારી નાણાંની ઉચાપતનો ગંભીર મામલો છે. તપાસમાં બહાર આવ્યું છે કે જે સ્થળે ટાંકી બની હતી તેના કોઈ સત્તાવાર નકશા જ નહોતા અને સોઈલ ટેસ્ટિંગ કર્યા વિના જ બાંધકામ કરી દેવાયું હતું. સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે તડકેશ્વરની ટાંકી માટે મહેસાણાના કોઈ ગામનો બોગસ સોઈલ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં રજૂ થયેલા પુરાવા મુજબ, ટાંકીના પાયામાં 3 મીટરને બદલે માત્ર અઢી મીટરનું ખોદકામ થયું હતું અને કોંક્રિટના સ્ટાન્ડર્ડ રેશિયોમાં પણ મોટી ચોરી પકડાઈ હતી. મોબાઈલ લોકેશનના આધારે એ પણ સાબિત થયું કે જવાબદાર સરકારી અધિકારીઓએ સ્થળ પર જઈ ક્યારેય સુપરવિઝન કર્યું નહોતું. અન્ય ગામની ટાંકીના ફોટા બતાવી લાખો રૂપિયાના બિલો પાસ કરી લેવાનું કૌભાંડ પણ તપાસમાં ખૂલ્યું છે. આરોપી પક્ષ દ્વારા આ મામલાને સિવિલ જવાબદારી ગણાવી જામીન મેળવવા પ્રયાસ કરાયો હતો, પરંતુ કોર્ટે આર્થિક ગુના અને બોગસ દસ્તાવેજોના આધારે થયેલા આયોજનબદ્ધ ભ્રષ્ટાચારને ગંભીર ગણી તમામ કોન્ટ્રાક્ટરો અને સરકારી ઈજનેરોની જામીન અરજી ફગાવી દીધી છે. આ ચુકાદાથી સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચાર આચરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# લોહિયાળ પ્રેમસંબંધ, યુવકના પિતાએ યુવતીના ભાઈનું માથું ફોડ્યું

**કડોદરાની** ઘટના, યુવતીના ભાઈને સમાધાન માટે બોલાવીને ચાર શખ્સે જીવલેણ હુમલો કર્યો, યુવતીના ભાઈને 17 અને મિત્રને 14 ટાંકા આવ્યા

પલસાણા: કડોદરામાં પ્રેમ પ્રકરણની અદાવતમાં એક યુવક અને તેના મિત્ર પર લોખંડના પાઈપ અને સળિયા વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

ઘટનાની વિગતો મુજબ, ફરિયાદી અરુણસિંગ નેત્રપાલસિંગ ચૌધરી (હાલ રહે. વિધિ રો હાઉસ, કડોદરા, તા. પલસાણા, મૂળ રહે ભરતપુર, રાજસ્થાન)ની બહેન રેનુ ગત ૨જી ફેબ્રુઆરીના રોજ કડોદરાના ક્રિષ્ના નગરમાં રહેતા પવન ઝાના પુત્ર રાજકુમાર ઝા સાથે પ્રેમ સંબંધમાં ભાગી ગઈ હતી. આ બાબતે પૂછપરછ કરવા માટે જ્યારે ફરિયાદીએ મધ્યસ્થી મોકલ્યો, ત્યારે આરોપીઓએ ઉશ્કેરાઈને ફરિયાદીના ઘરે જઈ ધમકી આપી હતી. ત્યારબાદ, સમાધાન માટે બોલાવીને ૨૦ ફેબ્રુઆરીની રાત્રે ક્રીષ્નાનગર ગલી નં.-૪માં હુમલો કરવામાં આવ્યો હતો. ફરિયાદી જ્યારે આરોપી પવન ઝાના ઘરે પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર પવન ઝા, સોનુકુમાર ઝા, પરિતોષ પાંડે અને સુમીત નામના શખ્સોએ તેમને ઘેરી લીધા હતા. આરોપીઓએ ફરિયાદીની મોટરસાયકલની ચાવી છીનવી લીધી હતી અને આજે તને જાનથી મારી નાંખવો છે તેવું કહી હુમલો કર્યો હતો. પરિતોષ પાંડેએ લોખંડના પાઈપથી અને પવન ઝાએ લોખંડના સળિયાથી ફરિયાદીના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ દરમિયાન ફરિયાદીનો મિત્ર દીપક રાજપૂત વચ્ચે પડતા તેને પણ આરોપીઓએ ભેગા મળીને બેરહેમ માર માર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા અરુણસિંગને માથામાં ૧૭ ટાંકા અને દીપકને ૧૪ ટાંકા આવ્યા છે. બંને હાલ સંજીવની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચમાં રાહુલ ગાંધીનું પૂતળું બાળવાના પ્રયાસથી તંગદિલી

**દિલ્હીની** એઆઈ સમિટમાં કોંગ્રેસના વિરોધના ભરૂચમાં ઘેરા પ્રત્યાઘાત: ભાજપ યુવા મોરચાએ જે.પી. કોલેજથી શીતલ સર્કલ સુધી સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢી





ભરૂચ: નવી દિલ્હીમાં આયોજિત વૈશ્વિક એ.આઈ. સમિટ દરમિયાન કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા અર્ધનગ્ન વિરોધ પ્રદર્શનના ઘેરા પડઘા ભરૂચ શહેરમાં જોવા મળ્યા છે. ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના કાર્યકરો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવી કોંગ્રેસની નીતિઓ સામે ઉગ્ર રીતે રોષ વ્યક્ત કરતા વાતાવરણ ગરમાયું હતું.

ભરૂચ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ઋષભ પટેલ અને જીગ્નેશ મિસ્ત્રીની આગેવાની હેઠળ કાર્યકરો શહેરની જે.પી. કોલેજ ખાતે મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા, જ્યાંથી એક વિશાળ રેલી કાઢવામાં આવી હતી. રેલી દરમિયાન કાર્યકરોએ 'કોંગ્રેસ હાય-હાય' અને 'દેશ વિરોધી કૃત્ય બંધ કરો' જેવા ગગનભેદી સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજવી દીધું હતું.

સ્થિતિ ત્યારે વધુ તંગ બની જ્યારે કાર્યકરોએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરવાનો પ્રયાસ કર્યો હતો. તૈનાત પોલીસ કાફલાએ સમયસૂચકતા વાપરી ત્વરિત કાર્યવાહી કરી પૂતળા દહન કરતા કાર્યકરોને અટકાવ્યા હતા, જેને લીધે પોલીસ અને ભાજપના કાર્યકરો વચ્ચે થોડીવાર માટે ઘર્ષણ અને ખેંચતાણના દૃશ્યો સર્જાયા હતા.



## ભરૂચના ચોરીના ગુનામાં 20 વર્ષથી વોન્ટેડ મધ્યપ્રદેશથી ઝડપાયો

ભરૂચ: ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના વર્ષ 2006ના ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા 20 વર્ષથી નાસતો ફરતો આરોપી ગુરુચરણસિંહ રૂપસિંહ પટવા મધ્યપ્રદેશ રાજ્યના દેવાસ જિલ્લાના કન્નોડ ખાતે રહેતો હોવાની જાણ થતાં ભરૂચ LCBની ટીમ તાત્કાલિક મધ્યપ્રદેશ રવાના થઈ હતી, જ્યાં કાલાપાટા ખાતેથી આરોપીને ઝડપી પાડ્યો હતો. તેના પર ગુનાહિત ઉત્તરપ્રદેશના બારાબંકી પોલીસ અને ગુજરાતમાં વિરમગામ ટાઉન ફરિયાદો દાખલ થઈ છે.

# બારડોલીમાં ગૌ માતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવા માંગ

**કથાકાર** સ્વામી હરિવલ્લભાનો માંગણી સંતોષાય નહીં ત્યાં સુધી અન્નનો ત્યાગનો સંકલ્પ

**દિલ્હીના** રામલીલા મેદાન ખાતે આંદોલન, આમરણાંત ઉપવાસ કરાશે



બારડોલી: ભારતીય સંસ્કૃતિમાં પૂજનીય ગૌ માતાને 'રાષ્ટ્રમાતા'નો દરજ્જો આપવાની માંગ સાથે બારડોલી ખાતે ગૌભક્તો અને ભારતીય હિતરક્ષક પાર્ટી, વિશ્વ હિન્દુ પરિષદ અને સાધુ-સંતોની આગેવાનીમાં લોકોએ એકત્ર થઈ પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભારતીય હિતરક્ષક પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનિલ સોનવણેએ સરકારને ચીમકી આપતા જણાવ્યું હતું કે, જો ગૌ માતાને ત્વરિત રાષ્ટ્રમાતા જાહેર કરવામાં નહીં આવે તો દિલ્હીના રામલીલા મેદાન ખાતે જલદ આંદોલન અને આમરણાંત ઉપવાસ કરવામાં આવશે. જાણીતા કથાકાર સ્વામી હરિવલ્લભાએ પણ ગૌ માતાના આધ્યાત્મિક મહત્ત્વ પર ભાર મૂકતા સંકલ્પ કર્યો હતો કે જ્યાં સુધી આ માંગણી સંતોષાય નહીં ત્યાં સુધી તેઓ અન્નનો ત્યાગ કરશે. VHP સુરત ગ્રામ્યના સહ મંત્રી રાજાભાઈ દુબેએ ગૌરક્ષા માટે કડક કાયદાની માંગ કરી હતી. ગૌભક્તોએ સ્પષ્ટ કર્યું હતું કે આ લડત હવે બારડોલીથી શરૂ થઈને સમગ્ર દેશમાં ફેલાશે અને આગામી દિવસોમાં ગ્રામ્ય સ્તરે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે. 'ગૌ માતાનો આદર એ રાષ્ટ્રનો આદર છે' ના નારા સાથે નીકળેલી આ રેલીએ સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જગાવી છે.

# એના નજીક 72.71 લાખનો દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

**બાતમીને** આધારે એલસીબીની કાર્યવાહી

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે ગોવાથી વિદેશી દારૂનો જથ્થો ભરી એક બંધ બોડીનો આઈસર ટેમ્પો નવાપુર-વ્યારા થઈ વડોદરા તરફ જનાર છે. પોલીસે એના ટોલનાકા પાસે વોચ ગોઠવી ટેમ્પોને અટકાવી તલાશી લેતા રોયલ બ્લ્યુ માલ્ટ વ્હિસ્કી અને કિંગફીશર બીયરના ટીન મળી કુલ 46,704 નંગ બોટલો મળી આવી હતી.

પોલીસે સ્થળ પરથી રાજસ્થાનના જોધપુર જિલ્લાના રહેવાસી સુનીલ મુલતાનારામજી બિશ્નોઈ (ઉ.વ. 26)ની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે આ જથ્થો સાંચોરના ધર્માભાઈ નામના વ્યક્તિએ ભરાવી આપ્યો હતો અને તે વડોદરા પહોંચાડવાનો હતો. પોલીસે દારૂનો જથ્થો, 15 લાખની કિંમતનો ટેમ્પો, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ 87.77 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.


Milano MULTIPLEX
બારડોલી
Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm
Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm
Border 2
01:00pm, 05:30pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333